# હિંમતનગરમાં પત્થરમારો

## પૈસાની ઉઘરાણી બાબતે ભીલ અને ભાટ બે ના ટોળાએ સામ-સામે પત્થરમારો કરતા મુસાફરોમાં નાસભાગ મચી ગઈ

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના મુખ્ય બસ સ્ટેન્ડ આગળ રવિવારના રોજ સવારે પૈસાની ઉઘરાણી બાબતે ઝગડો થતા અચાનક ભીલ અને ભાટ બે કોમના ટોળા હથિયારો ધારણ કરી સામ સામે આવી ગયા હતા અને બંને કોમે સતત ૧૧.૨૦ થી ૧૫ મિનિટ સુધી પત્થરોનો મારો ચલાવ્યો હતો જેથી બસ સ્ટેન્ડ બહાર ઉભા રહેલા મુસાફરો અને અવરજવર કરતા લોકો પર પત્થર પડ્યા ત્યારે નાસભાગ મચી ગઈ હતી. પરંતુ ટોળા કોઈની પરવાહ કર્યા વિના આખોય રોડ બાનમાં લીધો હતો. ત્યાર બાદ હિંમતનગર ટાઉનપોલીસમથકે જાણ કરાતા ટાઉન પી.આઈ. જે.એમ.આલ અને સ્ટાફ, સેકંડ મોબાઈલ, બીટ જમાદાર અને સીટી ટ્રાફિક પોલીસ વાન સ્થળ પર આવી પહોંચી હતી અને ભીલવાસમાં જઈને તોફાની ટોળામાં ભાગ ભજવનારાઓને પકડવા દોડી હતી પરંતુ તોફાનીઓ ભીલવાસમાંથી બાયપાસ માર્ગપરના પુલ પર પહોંચી ગયા હતા ત્યારે પકડવા દોડેલી પોલીસને નજરે પડતાં પોલીસ તેમની પાછળ દોડી હતી પણ આ ત્રણે તોફાનીઓ નદીમાં ભરાયેલા પાણીમાં પડી વચોવચ ઉંડાણવાળા ભાગમાં જતા રહ્યા હતા. જેથી પોલીસ પરત આવી ગઈ હતી ત્યાર બાદ આ ત્રણેને બચાવવા જતા અન્ય ચાર જણા પાણીમાં ફસાઈ ગયા હતા. જે અંગે તાત્કાલિક કોઈએ ડિઝાસ્ટર, નગરપાલિકા ફાયરબ્રિગેડ અને ૧૦૮ને જાણ કરતા તુરંત સ્થળ પર આવી પહોંચી ને ચારેયને પાણીમાંથી બહાર કઢાયા હતા. પણ તોફાની ત્રણ જણા ભાગી જવામાં સફળ રહ્યા હતા. બીજી તરફ સ્થળ પર આવેલી પોલીસે ઉભું રહેલું એક ટોળા સામે આંખ આડા કાન કરી કામગીરી હાથ ધરી હતી અને નુકશાન થયેલા ત્રણ બાઈકો કબજે લીધા હતા. આ પત્થરમારાના બનાવ અંગે સામ-સામે ચાર જણા વિરૂદ્ધ ફરિયાદ નોધાઈ હતી. જેમાં પોલીસમથકે પ્રથમ ફરિયાદ જીતુ માધાજી ભાટે મનોજ ઉર્ફે મનાજી ભુરાજી ભીલ, મંગાજી ભુરાજી ભીલ, મહેશ કાલાજી ભીલ અને વિક્રમ સોમાજી ભીલ વિરૂદ્ધ અને બીજી ફરિયાદ મહેશ ભુરાજી ભઈલ એ જીતુ માધાજી ભાટ, કનુ માધાજી લાટ, દસરથજી પરબતજી ભાટ અને જયેશ અશોક ભાટ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા હિંમતનગર ટાઉન પોલીસે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪, ૪૨૩ અને બી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે હિંમતનગર ટાઉનપોલીસમથકના પી.આઈ. જે.એમ. આલખે જણાવેલ કે સામસામે નોંધાયેલ ફરીયાદ સંદર્ભે બે જણાને જીતુ માધાજી ભાટ અને વિક્રમ સોમાજી ભીલની ધરપકડ કરવામાં આવી છે. જયારે બાકીનાઓની સોધખોળ ચાલુ છે.

## ડીસા શહેર હાર્દસમા ફુવારા નજીક બે દુકાનોના તાળા તુટયા : લાખોની ચોરી



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૯

ડીસા શહેર અને તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી ચોરી, લુંટ, અને ચીલ ઝડપ જેવા બનાવોમાં વધારો થવા પામ્યો છે. ત્યારે ડીસા શહેરના નવા પી.આઈ. આ ગુનાઓને દામવા લાલ આંખ કરી હોવા છતા ડીસા શહેરમાં ચોરીઓનો શીલશીલો યથાવત છે.

જેની વિગતો જોઈએ તો ડીસાન હાર્દસમા ફુવારા નજીક આવેલી આરતી એમ્પોરીયલ તેમજ જલારામ ટ્રેડીગ કંપની ની દુકાનોના ગત રાત્રીએ બંન્ને દુકાનોની બારીઓ તોડી ચોરી કરી હતી. જો કે વહેલી સાવરે બંન્ને દુકાનના માલીકો પોતાની દુકાને આવતા દુકાનમાં ચોરી થઈ હોવાની માલુમ પડતા ડીસા શહેર પોલીસ મથકને જાણ કરાઈ હતી. આ જાણ થતા જ શહેર પી.આઈ. આર.એમ.ભદોરીયા પોતાના સ્ટાફ સાથે આવી પહોચ્યા હતા. અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ ની વિગત જોઈએ તા. સો પ્રથમ ફુવારા નજીક આવેલી આરતી એમ્પોરીયમ માં ૫૦૦૦૦ રૂપીયાના રેડીમેન્ટ કપડા તેમજ ૧૫૦૦ રૂપીયા રોકડા એમ કુલ ૫૧, ૫૦૦ની ચોરી થઈ હોવાનુ માલુમ થયુ હતુ.

જયારે ફુવારાથી થોડેક દુર હિન્દુ ધર્મશાળા સામે આવેલી જલારામ ટ્રેડીંગ કંપનીમાં પાછળ આવેલ જાગૃતી કોમ્પલેક્ષના ધાબા ઉપરથી કોઈ અજાણ્યા ચોરે લોખંડની પાઈપ વડે બારી તોડી અંદર પ્રવેશી ગલ્લામાંથી ૩ લાખ ૧૫ હજાર ની રોકડ રકમ લઈ ફરાર થઈ ગયા હતા. આમ કુલ બંન્ને દુકાનોમાંથી ૩ લાખ ૬૬ હજાર ૫૦૦ ની ચોરી થઈ હોવાની ફરીયાદ ડીસા શહેર પોલીસ મથકે નોધાવી પામી છે. આ બનાવ બનતા જ શહેરના વહેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો

## ભાન્ડુ ગામના ૫૮ જેટલા દલિત પરિવારને મફતગાળાના પ્લોટો ન મળતા ભારે કચવાટની લાગણી ફેલાઈ

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ભાન્ડુ ગામે છેલ્લા ઘણા વર્ષોથી દલિત સમાજના રોહિત વંશી ચમાર ભાઈઓને સ્થાનિક ગ્રામ પંચાયત તરફથી મફતગાળાના રાહતના પ્લોટ ન મળતાં તેઓમાં ભારે કચવાટની લાગણી ફેલાઈ છે. આ પ્રશ્ને લાગતા વળગતા ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

વિસનગર તાલુકાના ભાન્ડુ ગામના ૫૮ જેટલા દલિત સમાજના રોહિત વંશી ચમાર ભાઈ બહેનોએ રાજ્ય સરકારમાં તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને મફતગાળાના પ્લોટ મળવા બાબતે લેખિત રજૂઆતો કરી છે. જેમાં જણાવ્યું છે કે, અમોને છેલ્લા ૨૦ વર્ષથી સ્થાનિક ગ્રામ પંચાયત તરફથી મફતગાળાના પ્લોટની ફાળવણી થયેલ નથી. ગામમાં મકાન, વાહન, જમીન ધરાવતા તેમજ આર્થિક રીતે સદ્ધર હોય તેવા વ્યક્તિઓને ગ્રામ પંચાયતે મફતગાળાના પ્લોટ ફાળવી આપેલ છે. જ્યારે જેઓ વાસ્તવિક રીતે મફતગાળાના પ્લોટ મેળવવા માટે હક્કદાર છે. તેવા ગરીબ લાયક આર્થિક નબળા વર્ગના માણસોને વર્ષોથી સરકારી યોજના અંતર્ગત રાહતના પ્લોટ ફાળવી આપ્યા નથી.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, દલિત સમાજના રોહિત વંશી ચમાર જાતિના લોકોને મફતગાળાના પ્લોટ આપવાની બાબતમાં સ્થાનિક ગ્રામ પંચાત દ્વારા ઓરમાયું વર્તન દાખવાય છે. ભાન્ડુ ગામે દલિત સમાજની ગરીબ વિધવા, શારીરિક રીતે અપંગ બહેનોને તેમજ જરૂરતમંદ વ્યક્તિઓને મફતગાળાના પ્લોટ તેમજ અન્ય સરકારી સહાય હજી સુધી મળેલ નથી. જેથી તેઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ બાબતે જિલ્લાના સંબંધિત ઉચ્ચ અધિકારીઓએ સત્વરે તપાસ કરી જરૂરતમંદ તેમજ અન્ય લાયક ગરીબ વ્યક્તિઓને વહેલીતકે ઘરથાળના મફત પ્લોટ મળી રહે તે માટે યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી મનાય છે.

## બનાસ ડેરીની ચૂંટણીમાં આજે હરિભાઈ ચૌધરી ઉમેદવારી ફોર્મ ભરશે

ડીસા, તા. ૧૯


ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની ચૂંટણીમાં બનાસડેરીના ચેરમેનના થયેલા વળતા પાણી બાદ હવે બનાસડેરીની ચૂંટણીમાં પણ રસાકસી ભર્યો જંગ જામે તેવા એંધાણ વર્તાઈરહ્યા છે.

બનાસકાંઠાના ચૂંટણી જંગમાં વર્તમાન ચેરમેનના એકચક્રી શાસન સામે મેદાને પડેલા બનાસકાંઠાના ભાજપના માજી સાંસદ હરિભાઈ ચૌધરી મેદાને પડયા છે. ત્યારે તેઓએ આગામી સોમવારે બપોરે ૧૨:૩૯ ના વિજય મુર્હુતમાં ઉમેદવારી નોંધાવવાનું એલાન કરતા સહકારી ક્ષેત્રમાં હલચલ મચી જવા પામી છે. માજી સાંસદ હરીભાઈ ચૌધરી તા.૨૦/૮/૨૦૧૨ ને સોમવારે સવારે ૧૦ વાગે પાલનપુરના આબુ હાઈવે પર આવેલા સર્જન હોલ ખાતે જીલ્લાભરમાંથી ઉમટી પડનારા શુભેચ્છકો-સમર્થકો અને પશુપાલકો સાથે વિજય વિશ્વાસ સંમેલન યોજાશે. બાદમાં ત્યાંથી શુભેચ્છકોની સાથે પ્રાંત કચેરી જઈ ૧૨:૩૯ ના વિજય મુર્હુતમાં ઉમેદવાર પણ રજૂ કરી બનાસડેરીમાં પરિવર્તનનો શંખનાદ ફુંકવા જઈ રહ્યા છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં શુભેચ્છકોને ઉમટી પડવા અનુરોધ કરતો હતો. જો કે, જી.એમ.એમ. એફ.સી. માં વિપુલ ચૌધરીના વિજય બાદ બનાસડેરીમાં પણ નિશ્ચિત પરિવર્તનનો પવન ફૂંકાશે તેવો આસાવાદ પાઠવેલા પીઢ સહકારી અગ્રણી શામળભાઈ એસ. પટેલે વ્યક્ત કરતા સહકારી આલમ સહિત રાજકીય ક્ષેત્રમાં પણ ગરમાવો આવી ગયો છે.

## તલોદ કોલેજનું ગૌરવ

તલોદ, તા. ૧૯

આસ્મોનિયા યુનિવર્સિટી



(આંધ્રપ્રદેશ) હૈદ્રાબાદ દ્વારા ઈન્ટરનેશનલ વર્કશોપ તા. ૧૧, ૧૨ ઓગષ્ટ-૨૦૧૨ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'હેલ્થ ફીઝીકલ એજયુકેશન એન્ડ કોમ્પ્યુટર સાયન્સ ઈન સ્પોર્ટસ' હતો.

આ ઈન્ટરનેશનલ વર્કશોપમાં વિવિધ યુનિવર્સિટીના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના પાટણના પ્રતિનિધિ તરીકે તલોદની આર્ટસ-કોમર્સ કોલેજના પ્રો. રંગુસિંહ બી. સોલંકીએ પણ ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરતાં સ્પોર્ટસ ડાયરેક્ટર તરીકે સિદ્ધિ મેળવી હતી.

## રસુલપુરની દીકરી ક્રિષ્ના સાથે કુદરતનો અજીબો-ગરીબ કરિશ્મા

### તા. ૮-૮-૧૯૮૨ રાંધણ છઠ્ઠના દિવસે જન્મ અને તા. ૮-૮-૨૦૧૨ રાંધણ છઠ્ઠના દિવસે મૃત્યું

પ્રાંતિજ,તા. ૧૯

પ્રભુની લીલા ન્યારી છે. માણસ ધારે છે કંઈ ને થાય છે કંઈ. ભગવાનની આવી જ કરામતોને લીધે જ માણસ ભગવાનને માનતો થાય છે. જે દિવસે જન્મ થયો હોય, જે મહિના કે તિથિમાં જન્મ થયો હોય કે જે તહેવારે જન્મ થયો હોય એ જ દિવસે માણસની અંતિમ ઘડીઓ ગણાય ને અને સ્વર્ગમાં પહોંચે છે ત્યારે ભગવાનમાં ઓછો વિશ્વાસ રાખનારા પણ બોલી ઉઠે છે 'પ્રભુ તારી લીલા ન્યારી' છે. આજ ક્ષણે ભગવાનમાં ઓછો વિશ્વાસ રાખનારા પણ વિશ્વાસ રાખી ખરેખર માનતા થઈ જાય છે.

આ કરૂણ ઘટનાની વાત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ગઢડા શામળાજીની વહુ અને નેશનલ હાઈ-વે નંબર-૮ પાસેના પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામના રામસિંહની પુત્રી ક્રિષ્ના કુંવરબા (રાધા)ને ગઢડા શામળાજીના નટવરસિંહ ચૌહાણ સાથે પરણાવી હતી અને તેમના લગ્નજીવન દરમિયાન બે સંતાનો પણ હતા. ક્રિશ્ના કુંવરબાએ ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કર્યો હતો એટલે સુશિક્ષિત હતી.

ગઢડા શામળાજીમાં હર્યાભર્યા અને ભર્યા ભાદર્યા કુટુંબમાં સાસરીયાવાળા ક્રિશ્ના કુંવરબાને પોતાની દીકરીની જેમ જ સાચવતા હતા. ઘરમાં પણ કામો આ ક્રિશ્નાની સલાહ સૂચનો લઈ તેને વધાવી કામ આગળ ચલાવતા હતા. બસ આ સુખી જીવનમાં ક્રિશ્નાને એકાએક બિમારી આવી ગઈ. દાક્તરોએ ઈન્ફએકશન કહ્યું ને વૈદોએ તાવ કહ્યો અને સારવારો અપાઈ ઉપરાંત નિષ્ણાંત દાક્તરોની સેવા અને સૂચનો લેવાયા. પણ કુદરતને માન્ય ન હોય તેમ તા. ૮-૮-૨૦૧૨ના રોજ પરધામ પહોંચી ગઈ. ક્રિશ્નાનો જન્મ તા. ૮-૮-૧૯૮૨ના રાંધણછઠ્ઠના દિવસે થયો હતો અને તેજ સમય તારીખ અને તહેવાર તથા ચોઘડીયામાં એટલે કે તા. ૮-૮-૨૦૧૨ના રોજ મૃત્યું પામતાં સમગ્ર પરિવાર અને પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે. આ ઘટનાને પગલે પિતા અને પરિવારને સમાજ જન્મ-મૃત્યુની તારીખ સહિતની વિગત જાણી આ કુદરતી મોતને ભગવાનની કમાલ ગણાવતા હતા.

## સોડાપુર અપહરણ કેસનો મુખ્ય આરોપી ઝડપાયો


ડીસા તાલુકાના સોડાપુર ગામે આજથી દોઢ માસ અગાઉ એક યુવકનું બાઈક સાથે અપહરણ કરી તેનો મોબાઈલ લુંટી લઈ દાંતીવાડા નજીક ગાડીમાંથી ઉતારી મુકયો હતો.

અજાણ્યા ચાર ઈસમો વિરૂદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી હતી. જેની તપાસ દરમ્યાન પાલનપુર એલ. સી. બી. પોલીસે કોલ ડીટેઈનના આધારે શુક્રવારે ડીસા ખાતેથી અપહરણ કેસના મુખ્ય આરોપીને ઝડપી લીધો હતો. પુછપરછ કરતાં તેને ચૂંટણી અદાદ્ધતમાં ભુલથી અન્ય યુવકનું અપહરણ કર્યું હોવાનું કબુલ્યું હતું. પોલીસે રણજીતસિંહની અટકાયત કરી તેની પાસેથી મોબાઈલ સહિત રૂા.૫૭૦૦ નો મુદામાલ કબ્જે લઈ આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીને રાજુસિંહ મુળસિંહ વાઘેલા, બાવનસિંહ ઉર્ફે બાબરસિંહ તેજસિંહ વાઘેલા, રામસિંહ પૃથ્વીરાજસિંહ વાઘેલા તમામ રહે. ધાડા, ડીસાવાળાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## સાબરકાંઠાના પ્રાંતિજ-તલોદ તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ તાલુકાનો ગરીબ-કલ્યાણ મેળો તાજેતરમાં પ્રાંતિજ ખાતે યોજાયો હતો. મેળામાં સરકારની વિવિધ યોજના અંતર્ગત પોણા બે કરોડની સહાય તેમજ ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગરીબ કલ્યાણ મેળો પ્રાંતિજ ખાતે ૧૭ ઓગષ્ટના રોજ પી.એન્ડ.આર હાઈસ્કૂલના મેદાનમાં મંત્રી જયસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.જેમાં ગરીબ લાભાર્થીઓને ઈન્દીરા આવાસ, એ.પી.એલ., બી.પી.એલ., મિશન મંગલમ્, બાલીકા સમૃદ્ધિ, પશુપાલન, માનવ કલ્યાણ યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય, આંબેડકર સફાઈ કામદાર આવાસ, કુંવરબાઈનુ મામેરુ, શૌચાલયો, ટ્રાયસિકલ સહિતની યોજનાઓમાં પ્રાંતિજના ૯૪૮ જેટલા લાભાર્થીઓને ૧૦૬.૬૨ લાખ રૂપિયાની સહાયના ચેકો અને સાધન સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યુંહતું. તેમજ તલોદ તાલુકાના ૭૫૯ લાભાર્થીઓને ૬૧.૯૮ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી હતી.

આ ગરીબ કલ્યાણ મેળામાં ધારાસભ્ય દિપસિંહ રાઠોડ, જયેન્દ્રસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના દોલતસિંહ રાઠોડ, નરેન્દ્રભાઈ પટેલ, પાલિકા પ્રમુખ ઉષાબહેન, સોનલબેન મોદી, કલેક્ટર જયપ્રકાશ શિવહરે, પ્રાંત અધિકારી આશાબહેન શાહ વગેરેએ સરકારની ગરીબ તેમજ કલ્યાણલક્ષી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. પ્રાંતિજ પ્રાંત ઓફિસર આશાબહેન શાહે તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ અને યોજના અમલીકરણ સહિતની બાબતો રજુ કરી આવકાર પ્રવચન કર્યુ હતુ. જ્યારે ટી.ડી.ઓ. મકવાણાએ આભારવિધિ કરી હતી.

## દોલગઢ ગામ નજીક બે કાર વચ્ચે અકસ્માત

### ૧૦ને ઈજા, એક ગંભીર, એકનું મોત

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના દોલગઢ ગામ નજીક રવિવારના રોજ બપોરના સમયે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ૧૨ જણાને શરીરે ઈજાઓ થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ જ્યાં એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ખેડા જિલ્લાના માતર તાલુકાના ખાંધલીનો પટેલ પરિવાર અને મલીયાતજ ગામના સૌહાણ પરિવાર બંને પરિવારોના પાંચ મોટા સભ્યો અને ત્રણ બાળકો સહીત આઠ જણા શનિવારના રોજ રાત્રીના અલ્ટો કાર નંબર જીજે-૭-એ.આર.-૪૭૪૯માં અંબાજી દર્શન કરવા માટે ગયા હતા જે રવિવારના રોજ અંબાજીથી દર્શન કરી પરત વતન ફરી રહ્યા હતા ત્યારે હિંમતનગરથી ઈડર માર્ગ પર દોલગઢ ગામ નજીક બપોરના અંદાજે ૨.૩૦ વાગેના સમયે હિંમતનગર તરફથી જામળા જઈ રહેલ ઈન્ડીકા વિસ્ટા કાર નંબર જીજે-૯-બી-એ-૨૫૫૬ સાથે સામ-સામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને કારમાના ૧૨ જણાને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જે ગંભીર ઈજાગ્રસ્તોને જાદરની બે ૧૦૮ અને હિંમતનગરની એક ૧૦૮ ધ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન એકનું મોત નીપજ્યું હતું. એકને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી અને ઘાયલ ૧૦ જણા સારવાર હેઠળ હતા. હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે થતા ઈન્ચાર્જ પી. એસ. આઈ. આર.ડી. સગર, રાયટર અનિલભાઈ જયસ્વાલ અને ટ્રાફિક પી.એસ.આઈ. જી.એ. પટેલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.

## પ્રાંતિજના ઓમકાલેશ્વર મંદિરે બ્રહ્મભોજનનો કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજના ઓમકાલેશ્વર મહાદેવના મંદિરે અમાસના દિવસે હવન, બટુક ભોજન-બ્રહ્મ ભોજનનો કાર્યક્રમ મંદિરના મહંત તેમજ કાર્યકરો દ્વારા રાખવામાં આવ્યો હતો. પ્રાંતિજ ખાતે ઓમકાલેશ્વર મહાદેવ મંદિરના મહંત મહાકાલગીરી-મંદિરના વ્યવસ્થાપક શંકરભાઈ રાવલ દ્વારા પ્રાંતિજની શાળા નંબર ત્રણના બાળકો શાળા પરિવાર તેમજ એકાવન બ્રહ્મ દેવતાઓને ભોજન પીરસવામાં આવ્યુંહતું

## તલોદ નગરપાલિકા દ્વારા ૬૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

તલોદ, તા.૧૯

તલોદ નગરપાલિકાના સ્વ. રાજીવ ગાંધી ભવનના પટાંગણમાં ૧૫મી ઓગષ્ટે પાલિકા પ્રમુખ દક્ષાબહેન પટેલે ત્રિરંગો લહેરાવી સલામી આપી હતી.

આ અંગે પાલિકાના ચીફ ઓફિસર અલ્પેશ પટેલ, કર્મચારી ગણ, કાઉન્સીલરો, વેપારી અગ્રણીઓ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દેશભકિતના ગીતો વગાડીને તેમજ આજના દિને શહિદો અને દેશના ઘડવૈયાઓની યાદ તાજી કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકોનો પાલિકા પ્રમુખે આભાર વ્યકત કર્યો હતો અને વેપારી અગ્રણીઓએ દક્ષાબહેન પટેલના વિકાસના કાર્યોને બિરદાવ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601